## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




તું લે આ દાંડીયા... મને રમવા ન કહીશ... મને અનામત આંદોલન વખતની લાકડીઓ યાદી આવી જાય છે....!!!

# સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસના દેખાવો

## કાયદો-વ્યવસ્થા જાળવણીમાં નિષ્ફળતાના એકરારનામાને લઈ સરકાર રાજીનામુ આપે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર અને જિલ્લા બેરોજગારીની સમસ્યા તેમજ શિક્ષણના ખાનગીકરણથી વધેલા કલાકે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ૩૦:૧૨ બપોરે ૨૦૧૫/૧૦/૦૬ - રાજયપાલશ્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા જાની, ઈશ્વરભાઈ દેસાઈ, કાળુસિંહ ડાભી, અજીતસિંહ રાઠોડ,






કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે આજે પંચાયતની ચૂંટણીઓ મુલ્તવી રાખવાના નિર્ણય સામે યોજોયલ ધરણા-પ્રદર્શનમાં કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ધરણાને અંતે કલેકટર કચેરીએ અપાયેલા આવેદન-પત્રમાં કોંગ્રેસે જણાવ્યું છે કે કાયદો-વ્યવસાથા જાળવવામાં નિષ્ફળતાનું એકરારનામુ ધ્યાને લઈ સરકારે રાજીનામુ આપી દેવુ જોઈએ તેવી માંગણી સાથે આક્ષેપ કરતાં જણાવ્યું છે કે પંચાયતની ચૂંટણીઓ મુલ્તવી રાખવી એ પ્રજાદ્રોહ છે.

આ આવેદન-પત્રમાં પ્રશ્નો અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.



રાજયની ભાજપ સરકારને પાંચાયતાની ચૂંટણીઓમાં પરાજય દેખાતાં વટહુકમનો આશરો લીધો હોવાની વાત કરતાં કોંગ્રેસે સરકાર તાત્કાલિક રાજીનામુ આપે તેવી માંગણી કરી છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે આજરોજ રારીખ , જિલ્લા તાલુકા - પંચાયતોની ચૂંટણી પાછી ઠેલવા અને ભાજપ સરકારની સરીયામ નિષ્ફળતા અંગે જિલ્લા કલેકટરશ્રી મારફતે નામદાર કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ પ્રવક્તા શ્રી નીશીત વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલ, પ્રદેશ મહામંત્રી, કૌશિક શાહ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. ધાર, જિલ્લા નિરિક્ષકો બળદેવભાઈ લૂણી અને માયાબેન દવે, ડૉ. સભ્યશ્રી અમિત ચૌધરી, બાબુસિંહ, ભૂપેન્દ્રસિંહ રાઠોડ, સુરેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યો સર્વશ્રી બાબુસિંહ ઠાકોર, રાકેશ વિક્રમસિંહ ખાચર, બાબુજી ઠાકોર, ઝાલા ભાનુબેન, પ્રેમબા હાળા, મંગળસિંહ સોલંકી, રાકેશ જાની, સોલંકી પી. કે., રોહિત વિરેન્દ્રસિંહ, મીતુલ જોષી, જગતસિંહ, ખોડાભાઈ પરમાર, માનાજી મારવાડી, મૂલચંદભાઈ રાઠોડ, વિરેન્દ્રસિંહ ઝાલા, વાઘેલા એનએસયુઆઈ, શહેર કોંગ્રેસના આગેવાનો-તાલુકા-અરજનજી ઠાકોર તેમજ જિલ્લા, ચૌહાણ યુવક કોંગ્રેસ, ડીપાર્ટમેન્ટના સેવાદળ અને મહિલા કોંગ્રેસ સહીત વિવિધ સેલ પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના પુસ્તક વિમોચનનો પ્રાસંગ કાર્યકરોએ સીડીમાં બેસીને માણ્યો હતો.

● સીડીમાં બેસનારા અગ્રણી કાર્યકરોમાં કોદરભાઈ પટેલ, બિપીન રાવલ, ગ્રીમકોના ડિરેક્ટર રસિકભાઈ પટેલ, શહેર એકમના મહામંત્રી શ્રી મુકેશ જાની હતા તો શહેર પ્રમુખ નીતિન પટેલ અને જિલ્લા પ્રમુખ નૈલેષ શાહે આખો કાર્યક્રમ ઉભા રહીને માણ્યો હતો.

● આધ્યાત્માનંદજીએ ડાયસ પર જતાં પૂર્વે ટેબલ પર મુકેલ સરસ્વતી મા ની પ્રતિમાને વંદન કરી સરસ્વતી વંદના કરી હતી.

● હોલમાં કાર્યકરોનો ધસારો વધી જતાં ત્રણથી વધુ પત્રકારો પણ પ્રવેશ માટે અટવાઈ ગયા હતા.

● આજે શહેરમાં કોંગ્રેસના ધરણા-દેખાવોનો કાર્યક્રમ પણ સફળ રહેતાં કોંગ્રેસમાં નવી ઊર્જા જોવા મળતી હતી.

# કોંગ્રેસના જિલ્લાસ્તરના કાર્યક્રમો રાજ્યમાં અશાંતિ ઉભી કરે છે : ભાજપ

ગાંધીનગર, તા. ૬

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં વિક્ષેપ કરી જન જીવનને ડહોળવાના પ્રયાસને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે, ભાજપા સરકારે ચૂંટણી સંબંધિત કોઈ અધ્યાદેશ જાહેર કર્યો નથી. ભાજપા સરકાર અને ભાજપા બન્ને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે સજજ હતા, ભાજપાના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં હતી તેવા સંજોગોમાં ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષોથી રાજકીય જમીન શોધતી કોંગ્રેસે ચૂંટણીમાં વધુ એક કારમી હારના ભયે કોંગ્રેસના આગેવાનો દ્વારા કોર્ટમાં ચૂંટણી પ્રક્રિયાને પડકારી ચૂંટણીઓ ખોરંભે પાડી છે.

શ્રી જાડેજાએ જણાવેલ કે, કોંગ્રેસ દ્વારા જિલ્લે જિલ્લે પ્રદર્શનો કરી, માલ-મિલ્કતને નુકશાન પહોંચાડવાના પ્રયત્નોને વખોડતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ હંમેશા ચૂંટણીથી દૂર ભાગે છે. પોતાના આંતરિક પ્રશ્નોથી ઘેરાયેલી કોંગ્રેસ ચૂંટણીના માધ્યમ દ્વારા પ્રજા સમક્ષ જવાને બદલે નવા નવા કાવતરા કરી સમાજ જીવનને બાનમાં લેવાનો પ્રયત્ન કરે છે. છેલ્લા ૩ મહિનાથી કોંગ્રેસ દ્વારા રાજ્યમાં અશાંતિનું વાતાવરણ સર્જાય તેવા પેંતરા અજમાવાઈ રહ્યા છે જેનું પ્રમાણ તેમના પ્રભારી ગુરુદાસ કામતના નિવેદનથી મળી ગયું છે.

# પેઈન્ટીંગથી કલાત્મક રીતે સજાવેલા માટીના ગરબા માથે લઈ જગદંબાની આરાધના કરાશે

ગાંધીનગર, તા.૬

'મારો સોનાનો ઘડુલીયો રે..'આ પ્રાચીન ગરબો અતિ લોકપ્રિય છે. રાજયભરમાં નવલી નવરાતના પડઘમ વાગી રહ્યા છે. શેરી ગરબાથી લઈ પાર્ટી પ્લોટ સુધી અત્યારે હાલ નવરાત્રી અલ્ટ્રામોર્ડન બની ગઈ છે છતાં પણ રાજયના શહેરો તેમજ ગામડામાં આજે પણ મહિલાઓ માટીના ઘડાના ગરબા માથે લઈ ગરબે ઘુમે છે અને તેનો અનેરો મહિમા છે.



નવલી નવરાતને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નવરાતમાં ભકતો માની આરાધનામાં તલ્લીન બને છે. ભકિત અને શકિતના પર્વમાં યુવાનો ગરબે ઘૂમી મા ની પૂજા અર્ચના કરે છે. નવ દિવસનો આ મહિમા અનેરો હોય છે. નવરાત્રીમાં પહેલા શેરી ગરબા પ્રચલિત હતા. ભકતોએ માતાજીમાં રાખેલી અપાર શ્રધ્ધાથી માનેલી બાધા પરિપૂર્ણ થતા માતાજીનો ગરબો કરવામાં આવતો હતો. નવરાત્રીના નવ દિવસ દરમિયાન મહિલાઓ માતાજીનો માટીનો ઘડુલીયો માથે મુકી ગરબે ઘુમતી હતી અને આજે પણ આ પ્રથા ગામડાઓમાં જીવંત છે. શહેરોમાં પાર્ટી પ્લોટના આધુનિક ગરબાના આયોજનો વચ્ચે પણ આ પ્રથા જોવા મળે છે. નવરાત્રીને પગલે શહેરના વેપારીઓ માટીના ગરબા વેચાણ અર્થે લાવ્યા છે.

શહેરના સે-૭, ૨૧, ૨૪ સહિત સેકટરોમાં વેપારીઓ વિવિધ કલાત્મક માટીના ગરબા શહેરીજનો માટે લઈ આવ્યા છે. અલગ અલગ સાઈઝમાં ઉપલબ્ધ માટીના ગરબાનો ભાવ રૂ. ૪૦ થી ૧૦૦ છે. ગાંધીનગર શહેરમાં સે-૭માં ઘડુલીયાનું વેચાણ કરતા વેપારી રસીલાબેન મનસુરીએ જણાવ્યું હતું કે અત્યારે હાલના સમયે પેઈન્ટીંગવાળા ગરબા સૌથી વધુ નગરજનો ખરીદે છે. શહેરમાં વેપાર ઓછો થાય છે પંરતુ ગામડામાં માટીના ગરબા પ્રચલિત હોવાથી ત્યાં વધુ વેચાય છે. જયારે શહેરીજનો નવલી નવરાતમાં મંદિરમાં મુકવા માટે નાના કલાત્મક ઘડુલીયા લઈ જાય છે. શહેર હોય કે ગામ માતાજીની આસ્થા સમાન માટીના ગરબાની પ્રથા આજે પણ આગવું સ્થાન ધરાવે છે.

# સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ અન્ય એજન્સીને સોંપવા ચક્રો ગતિમાન

## પ્રથમ તબક્કામાં પ્રાયેગિક ધોરણે ૧૦ સેકટરોનો સમાવેશ કરાશે

ગાંધીનગર તા ૬

શહેરમાં સ્ટ્રીટ લાઈટની જવાબદારીનુ કામ ટોરેન્ટ પાવર સંભાળે છે. જયારે છેલ્લા એક વર્ષથી ટોરેન્ટને આ જવાબદારી સંભાળવામાં રસ ન હોવાથી માર્ગ મકાન વિભાગ દ્વારા સ્ટ્રીટ લાઈટની જવાબદારી અન્ય એજન્સી સંભાળી શકે તે માટે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેના આધારે આગામી સમયમાં નગરના ૧૦ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની જવાબદારી પ્રાયોગીક ધોરણે અન્ય એજન્સીને સોંપવા પણ ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટના ૧૮ હજાર થાંભલાઓની જાળવણીનુ કામ છેલ્લા ઘણાં દાયકાઓથી ટોરેન્ટ પાવર દ્વારા સંભાળવામાં આવે છે જયારે છેલ્લા બે વર્ષથી ટોરેન્ટને આ જવાબદારી સંભાળવામાં રસ ન હોવાથી કંપની દ્વારા સરકારને આ મામલે દરખાસ્ત પણ કરવામાં આવી હતી. જો કે શહેરમાં સ્ટ્રીટ લાઈટની જવાબદારીનુ કામ જટીલ હોવાથી સરકારી તંત્ર માટે પણ આગામી દિવસોમાં શિરદર્દ ઉભો થાય તેવી સ્થિતિ છે. ત્યારે તંત્ર દ્વારા આ દિશામાં નવી એજન્સીને કામે લગાડવા માટે યોગ્ય અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. સુત્રોમાંથી મળતી માહીતી મુજબ શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીના મામલે અન્ય એજન્સીને કામ સોંપવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે જેમાં પ્રાયોગિક ધોરણે સે- ૧થી ૧૦માં કામ સોંપવા પણ આયોજન કરવામાં આવશે.

આગામી જાન્યુઆરી - ૨૦૧૬ થી આ યોજના મુજબ સ્ટ્રીટ લાઈટની સુવિધા ગોઠવવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હોવાનુ પણ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. જો કે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ જટીલ હોવાથી આ મામલે પ્રાયોગિક અમલવારીમાં સફળતા મળે તો જ આયોજનને આખરી કરી અન્ય વિસ્તારમાં આ વ્યવસ્થા આગળ વધારવા પણ વિચારણા સેવાઈ રહી છે. શહેરમાં સ્ટ્રીટ લાઈટના બીલ તેમજ જાળવણી પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે.ત્યારે વીજ બીલમાં પણ બચત થાય તે માટે પણ એલ ઈ ડી લાઈટના પ્રાજેકટ અંગે વિચારણા હાથ ધરવામાં આવી છે.

# કુડાસણ ખાતે એક મહિના માટે કારના નિઃશુલ્ક વ્હીલ એલાઈન્મેન્ટ કેમ્પનું આયોજન

## સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ખાતે વ્હીલ પોઈન્ટ દ્વારા નગરના કારચાલકો માટે ફ્રી સેવા : યોગ્ય વ્હીલ એલાઈન્મેન્ટના કારણે ઈંધણનો વપરાશ અને અકસ્માતની શકયતા ઘટે છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર હવે માત્ર કર્મચારીનગર ના રહેતા એક વૈવિધ્યપૂર્ણ શહેર તરીકે વિકાસના રાહે પૂરપાટ વેગે દોડી રહ્યું છે. નગરના રહીશોની સુખાકારીનું સ્તર ઊંચુ હોવાથી શહેરમાં ફોર વ્હીલ વાહનોની સંખ્યા પણ સારા એવા પ્રમાણમાં વધી રહી છે. આ સંજોગોમાં વાહનોની વિવિધ પ્રકારની મરામત કરતા સર્વિસ સ્ટેશનોનો પણ વિકાસ થઈ રહ્યો છે. જેના કારણે સ્પર્ધાત્મક માહોલનું વાતાવરણ ઉભુ થવા પામ્યું છે. આ સ્પર્ધાત્મક માહોલ અંત તો ગ્રાહકો માટે ફાયદારૂપ નીવડી રહ્યો છે. તેનું તાજુ ઉદાહરણ એ છે કે ઓટોમોબાઈલ ક્ષેત્રે સેવાઓ આપતા વ્યવસાયિકો વાહનધારકોને વિવિધ ઓફરોનો લાભ મળી રહ્યો છે.

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ કોમ્પલેક્ષ ખાતે વ્હીલ પોઈન્ટ નામે ઓટોમોબાઈલ વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેસીંગ, ટાયર ચેન્જર, ટ્યુબલેસ ટાયર પંકચર વગેરેનો વ્યવસાય કરતા સર્વિસ બેઝ વ્યવસાયિક દ્વારા આખા એક મહિના માટે તમામ કારચાલકોને વ્હીલ એલાઈમેન્ટ તદ્દન નિઃશુલ્ક કરી આપવાના વર્કશોપનું આયોજન કર્યું છે. આ આયોજન મુજબ તા. ૧લી ઓક્ટોબરથી ૧લી નવેમ્બર સુધી તમામ કારધારકોને વ્હીલપોઈન્ટ દ્વારા વિના મૂલ્યે વ્હીલ એલાઈમેન્ટ કરી આપવામાં આવશે. કારના વ્હીલમાં એલાઈમેન્ટની ખામી હોય તો ગાડી ખેંચાવાની, વાઈબ્રેટ થવાની તેમજ ટાયર ઘસાવાની મુશ્કેલીઓ સર્જાય છે જે અકસ્માતને નોંતરે છે. ઉપરાંત પર્યાવરણને પણ નુકશાન કરે છે. યોગ્ય વ્હીલ એલાઈમેન્ટથી ઈંધણનો વપરાશ પણ ઘટે છે અને અકસ્માત ટાળી શકાય છે.

## ભાજપના આગેવાનો પક્ષ માટે પ્રતિબધ્ધ અને કટિબદ્ધ

શ્રી આર.સી. ફળદુએ જણાવ્યું છે કે, કેટલાક અખબારમાં અનામત આંદોલન પાછળ ભાજપ આગેવાનો અંગે આધારવિહોણા સમાચારો વ્યક્ત કરીને ભારતીય જનતા પાર્ટીની છબીને નુકસાન થાય તેવી સત્યથી વેગળી બાબતો વ્યક્ત કરાઈ છે. ગુજરાત પ્રદેશ ભાજપા સંગઠન અને સરકાર એક સૂત્રતા સાથે કામ કરી રહી હોય અને રાજ્યના વિકાસમાં સરકારની સાથે ખભે ખભા મિલાવીને બધા જ જનહિતના કાર્યમાં કાર્યરત હોય ત્યારે આ પ્રકારના સમાચાર સમાજ જીવનને નુકસાન કરતા હોય છે. પાટીદાર આંદોલનમાં ભાજપાના વરિષ્ઠો માટે બેબુનિયાદ-પાયાવિહોણા અહેવાલોને વખોડી કાઢતા જણાવ્યું કે ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા-આગેવાન પક્ષ-સરકાર માટે પ્રતિબદ્ધ અને કટિબદ્ધ છે. ભાજપાએ દોઢ દસકાથી સુસાશન દ્વારા ગુજરાતની વિકાસકૂચને આગળ વધારી કેન્દ્રમાં પણ પોતાની સરકાર બનાવી છે અને સંગઠનથી ભાજપા વિશ્વની સાથૌ મોટી પાર્ટી બની છે. ત્યારે અવરોધ ઉભા કરનાર કેટલાક લોકો ગમે તેવા સમાચાર દ્વારા પરિસ્થિતિને ડામાડોળ કરવા પ્રયાસ કરતા હોય તેમ જણાય છે.

# સરકારી નોકરીમાં વય મર્યાદાની છૂટછાટનું જાહેરનામું પ્રસિદ્ધ

ગાંધીનગર, તા.૬

મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજનાના હાથમ ચરણમાં સરકારી સેવાઓમાં ભરતી હ્રક્રિયામાં પાંચ વર્ષની વધારાની છૂટ માટેના આદેશો જારી કર્યા છે.

સરકારી નોકરીમાં તમામ સંવર્ગમાં ભરતી હ્રક્રિયામાં દરેક વર્ગમાં ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની વધારાની છૂટના કારણે યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાની નવી દિશાઓ ખુલશે. આ લાભ તમામ કક્ષાના ઉમેદવારો સામાન્ય, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને મહિલાઓને હ્રાક્ષ થશે.

મુખ્ય મંત્રીશ્રીએ સામાન્યર વહીવટ વિભાગના તા.૬-૧૦-૧૫ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ના નિયમ-૮(૯) તથા (૧૦)માં સુધારો કરીને સીધી ભરતી માટેની મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કર્યો છે. આ જાહેરનામાને પરિણામે જે જગ્યાના ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાત ફકત સ્નાતકની હોય ત્યાં હાલની ઉપલી વયમર્યાદા ૩૦ વર્ષ છે તે ૩૫ની થશે અને જયાં સ્નાતક કરતાં ઓછી શૈક્ષણિક લાયકાત જરૂરી હોય તેવી જગ્યાઓ માટે હાલ ઉપલી વયમર્યાદા ૨૮ વર્ષ છે તે હવે ૩૩ વર્ષ થશે.

જે જગ્યાઓ ઉપર શૈક્ષણિક લાયકાત ઉપરાંત અનુભવની જોગવાઈ નિયત કરવામાં આવેલ હોય અને તેવી જગ્યા ઓ ઉપર ભરતી નિયમોમાં ૨૮ વર્ષ કરતા કે ૩૦ વર્ષ કરતાં વધુ વયમર્યાદા નિયત કરવામાં આવેલ હોય તો તે જગ્યાના ભરતી નિયમોમાં પણ આ પાંચ વર્ષના વધારાને અનુરૂપ ભરતી નિયમોમાં આવશ્યક ફેરફારો કરી લેવા અને જે તે જગ્યાના ભરતી નિયમોમાં તેને અનુરૂપ સુધારા કરવા પણ સૂચનાઓ આપવામાં આવેલ છે.

મુખ્ય મંત્રીશ્રીએ પોતાનું ઉદાર વલણ જાળવી રાખતા એમ પણ જણાવ્યું છે કે જે જગ્યાની ભરતી અંગેની જાહેરાતો આવી ગઈ હોય અને આ જાહેરનામુ હ્રસિધ્ધ થયું તે પૂર્વે હજુ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ વિતિ ન ગઈ હોય તેવી જગ્યાઓમાં પણ આ પાંચ વર્ષનો સુધારો લાગુ પાડવાનો રહેશે.

આગામી વર્ષોમાં રાજય સરકાર વહીવટી તંત્રને વધારે સઘન કરવા માટે અને જગ્યાઓનો શોર્ટ ફોલ પૂર્ણ કરવા માટે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરનું આયોજન કરેલ છે. સરકારી સેવાઓમાં આગામી પાંચ વર્ષમાં રાજયના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષામાં આ છૂટછાટ મૂકીને તેઓ માટે વિશાળ તકો ઉપલબ્ધ કરેલ છે.

## નારદીપુરમાં જીવદયા પ્રેમનો અજીબોગરીબ કિસ્સો

# શ્વાનને બચાવવા ગયેલા પ્રૌઢ ૧૦૦ ફુટ ઉંડા કુવામાં પડયા

## કુવામાં ગુંગળાઈ રહેલા પ્રૌઢને બચાવવા પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમને કહી દીધું કે પહેલા કુતરાને બહાર કાઢીને બચાવી લો... પછી મને બચાવજો..! : ફાયર બ્રિગેડની ટીમે શ્વાન અને પ્રૌઢ બંનેને જીવતા નિકાળ્યા

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર જિલ્લામાં સંખ્યાબંધ જીવદયા પ્રેમી સંસ્થાઓ કાર્યરત છે જે પૈકી આંગળીના વેઢે ગણી શકાય તેટલી સંસ્થાઓ સાચા અર્થમાં જીવદયા માટે ૨૪x૭ તૈયાર હોય છે. બાકીની સંસ્થાઓના કડવા અનુભવો વાગોળતા કોઈ થાકતુ નથી..! ખેર, આજે એક જીવદયા પ્રેમનો અજીબોગરીબ કિસ્સો ધ્યાને આવ્યો છે. નારદીપુર ગામના ૫૦ વર્ષીય પ્રૌઢ દોઢ કલાકથી જીવન-મૃત્યુ વચ્ચે ૧૦૦ ફુટ ઊંડા કુવામાં ઝોલા ખાઈ રહ્યા હતા અને તેને બચાવવા જયારે ફાયર બ્રિગેડની ટીમ પહોંચી તો કહી દીધું કે 'હું જે શ્વાનને બચાવવા જતાં કુવામાં પડી ગયો તે શ્વાનને પહેલા બહાર કાઢો અને પછી મને બચાવજો...' આખરે ફાયરબ્રિગેડે શ્વાનને જીવતો બહાર નિકાળ્યા બાદ પ્રૌઢને પણ જીવતા બહાર નિકાળ્યા હતા...!



કલોલ તાલુકાના નારદીપુર ગામમાં આવેલા અંદાજે ૧૦૦ ફુટ ઉંડા ખાડામાં આજે બપોરે એક શ્વાન પડી ગયું હતું. ૧૦૦ ફુટથી કુવામાં પટકાયેલા શ્વાનને બચાવવા માટે નારદીપુર ગામના જ એક ૫૦ વર્ષીય જીવદયા પ્રેમી જવાનજી ધનાજી ઠાકોર દોડી ગયા હતાં. જે કોઈ સંસ્થા સાથે જોડાયા ન હતા પરંતુ તેમનું મન જીવદયા પ્રેમી હતું! દોરડું લઈને એકલા હાથે શ્વાનને બચાવવા જવાનજી કુવામાં ઉતર્યા ને દોરડું છટકતા તે પણ કુવામાં પટકાયા હતા. કલોલ ફાયબ્રિગેડને ઘટનાની જાણ કરવામાં આવી તો કોઈ ટીમ આવી જ નહી! અંતે ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતાં. ફાયરમેન દિનેશભાઈ અને ફારૂકભાઈ કુવામાં દોરડાની મદદથી ઉતર્યા અને દોઢ કલાકની જહેમતે કુવામાં પડેલા પ્રૌઢ સુધી પહોંચ્યા ત્યારે કુવામાં ગુંગળાઈ રહેલા પ્રૌઢ જવાનજીએ કહ્યું કે તમે પહેલા શ્વાનને કુવામાંથી બહાર નિકાળી દો અને ત્યાર બાદ મને બચાવજો! ફાયરબ્રિગેડની ટીમ પણ જવાનજીના આગ્રહનો અનાદર કરી ન શકી! સાથો સાથ ટીમ સ્તબ્ધ થઈ ગઈ હતી કે દોઢ કલાકથી જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા જવાનજીને પોતાના જીવન કરતા પણ વધુ શ્વાનના જીવની પરવાહ છે અને તે શ્વાન પહેલા કુવામાંથી બહાર નિકાળ્યું ત્યારે જોયું તો ગામનું વફાદાર શેરી શ્વાન હતું. ત્યારબાદ ફાયરબ્રિગેડની ટીમ ફરી કુવામાં ઉતરી અને જવાનજીને પણ જીવતા બહાર નિકાળ્યા હતા. કોઈ સંસ્થા કે લેબલ વગરના જીવદયાપ્રેમી જવાનજીનો આ અનોખો જીવદયા પ્રેમ જોઈ ગ્રામજનો તો ઠીક ફાયરબ્રિગેડની ટીમ પણ ચોંકી ગઈ હતી.